**સ્વામિનારાયણ વિદ્યાપીઠ**

**અંગ્રેજી માધ્યમ**

**યુ.એસ.એ.પ્રવેશ પરીક્ષા(ધોરણ:૮,૯)**

**સમય:૧૨૦મિનિટ** | **ગુજરાતી** | **કુલ ગુણ:૫૦**

**નામ:-----------------** **ધોરણ:------** **તા.----------**

સૂચના:(૧) બધાજ પ્રશ્નોના જવાબ ફરજીયાત લખવાના રહેશે.

**<u>Instructions:</u>(1) It is compulsory to answers all the questions.**

(૨)પ્રશ્નોના જવાબ ગુજરાતી ભાષામાં લખવાના રહેશે.

**(2)You will have to write the answers only in Gujarati language.**

---

**પ્રશ્ન.૧.(અ) ગુજરાતી ભાષાના સ્વરો અને તેની માત્રાઓ લખો. (૬)**

**Q.1(A) Write vowels and signs in Gujarati Language.**

**(બ) ગુજરાતી ભાષાના વ્યંજનો લખો. (૫)**

**(B) Write consonants in Gujarati.**

**પ્રશ્ન.૨.(અ) ગુજરાતી ભાષાના માત્રા વિનાનાં પાંચ શબ્દો લખો. (૨.૫)**

**Q.2 (A) Write five words in Gujarati without signs.**

**(બ) ગુજરાતી ભાષાના કોઈ પણ પાંચ જોડાક્ષર લખો. (૨.૫)**

**(B) Write five combined words in Gujarati.**

**પ્રશ્ન.૩.(અ) નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે વિષય પર પાંચ થી છ લીટી લખો. (૧૦)**

**Q.3. (A) Write atleast Six lines on any two of the below given topics.**

(૧) હોળી

(૨) પુસ્તક

(૩) ગાય

(૪) નવરાત્રિ

(૫) બિલાડી

**(બ) મારો પરિચય વિષય પર એક ફકરો લખો. (૫)**

**(B) Write your introduction in one paragraph.**

**પાછળ જુઓ...૧**

પ્રશ્ન.૪. નીચે આપેલો ફકરો વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ તમારી ભાષામાં લખો. (૫)

**Q.4. Read the paragraph given below and answer the questions that follow.**

ગૌતમ બુદ્ધનું બાળપણનું નામ સિદ્ધાર્થ હતું. સિદ્ધાર્થના આનંદ માટે એના પિતા મહારાજા શુદ્ધોદને એક બાગ કરાવ્યો હતો.એમાં એક નાનું તળાવ હતું. એ બાગનાં ઘટાદાર વૃક્ષો અને રંબેરંગી ફૂલો જોઈને સિદ્ધાર્થને ખૂબ આનંદ થતો.બાગમાં આવતાં પંખીઓને જોઈને એ રાજી-રાજી થઈ જતો.તેને ફૂલો અને પંખીઓ બહુ ગમતાં.

એક દિવસ સિદ્ધાર્થ બાગના તળાવમાં ખીલેલાં કમળો જોતો ઊભો હતો.ત્યાં અચાનક એક પંખીની દુ:ખભરી ચીસ તેણે સાંભળી.તેણે ઊંચે આકાશ તરફ જોયું.ત્યાં તો આકાશમાંથી ઘાયલ થયેલો એક હંસ તેનાથી થોડે દૂર જમીન પર પછડાયો.

પ્રશ્નો.(૧) ગૌતમ બુદ્ધનું બાળપણનું નામ શું હતું?
(૨) બાગ કોણે બનાવ્યો હતો? શા માટે?
(૩) બાગમાં કઈ-કઈ વસ્તુઓ હતી?
(૪) ગૌતમ બુદ્ધને બાગમાં શું-શું ગમતું હતું?
(૫) બાગમાં અચાનક કોની ચીસ સંભળાઈ?

પ્રશ્ન.૫. (અ) માંગ્યા પ્રમાણે લખો. (૫)

**Q.5. (A)Do as been asked.**

(૧) તમારું પૂરું નામ લખો.
(૨) તમારી માતૃભાષા કઈ છે?
(૩) તમે ક્યા દેશમાં રહો છો?
(૪) તમને ગમતાં પ્રાણીનું નામ લખો.
(૫) ત્રણ ઋતુઓનાં નામ લખો.

(બ)ખાલી જગ્યા પૂરો. (૫)

**(B) Fill up the gaps.**

(૧) સૂર્ય-----------દિશામાં ઊગે છે. (ઉત્તર,દક્ષિણ,પૂર્વ,પશ્ચિમ)
(૨) કાગડાનો રંગ--------હોય છે. (સફેદ,કાળો,ભૂરો,પીળો)
(૩) ---------પક્ષીનો અવાજ મધુર હોય છે. (કોયલ,કાગડો,ચકલી,કાબર)
(૪) ચંદ્ર---------ઊગે છે. (સવારે,સાંજે)
(૫) ---------આકાશમાં ઊડતું જોવા મળે છે. (સાયકલ,કાર,વિમાન)

સામે જુઓ...૨

પ્રશ્ન.૬. (અ)જોડણી સુધારો.(ગમે તે બે) (૧)

**Q.6. (A) Correct the spellings.**

(૧) ગાંધિજી (૨) પંખિ

(૩) કુતરો (૪) શીખર

(બ) વિરોધી શબ્દો લખો.(ગમે તે બે) (૧)

**(B) Write the opposites.**

(૧) સવાર (૨) સફેદ

(૩) ઠંડું (૪) સસ્તુ

પ્રશ્ન.૭. નીચે આપેલા પદોને યોગ્ય ક્રમમાં ગોઠવી વાક્યો બનાવો. (૨)

**Q.7. Arrange the words to make meaningful sentences.**

(૧) નાનો એક લીલો શોધું છું કાગળ

(૨) ઊઠે વહેલા સવારે ગાંધીજી